# પાલનપુરમાં કોરોનાને આમંત્રણ આપતી ભાજપની બાઈક રેલી

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીને આજે પ્રચાર પડઘમ શાંત થઈ રહ્યા છે. ત્યારે આજે ભાજપે શક્તિ પ્રદર્શન કરતા બાઈક રેલી યોજી હતી. જેમાં કોવિડ ગાઈડ લાઈનના ધજાગરા ઉડ્યા હતા. ભાજપની રેલી કોરોનાને ખુલ્લું આમંત્રણ આપતી હોય તેવો નજારો જોવા મળ્યો હતો.



પાલનપુર ખાતે આજે ભાજપના કદાવર નેતા શંકર ચૌધરી અને જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ વાઘેલાની આગેવાનીમાં બાઈક રેલી યોજાઈ હતી. પ્રચારના અંતિમ દિવસે ભાજપની બાઈક રેલીમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડયા હતા. ખુદ ભાજપના હોદ્દેદારો સહિત કાર્યકરોએ પણ મોઢા પર માસ્ક પહેર્યા ન હતા. અને સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યું ન હતું. જોકે, ભાજપની બાઈક રેલી જાણે શહેરમાં કોરોના સંક્રમણને આમંત્રણ આપવા નીકળી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. છતાં જિલ્લા ભાજપ પ્રમુખે સબ સલામત હે ની આલબેલ પોકારતા ભાજપની જીત નો દાવો કર્યો હતો.

જોકે, પાલિકાની ચુંટણીને લઈને કોરોના ગાઈડલાઈન અંગે જિલ્લા કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું હતું. જેમાં સ્પષ્ટ તાકીદ હતી કે, પાંચ પાંચ બાઈક રેલીમાં નિયમિત અંતરે રહેશે અને માસ્ક સાથે ફરજિયાત સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું પડશે. નહીં તો જવાબદારો સામે સખત કાર્યવાહી થશે. જોકે, આજે નીકળેલી ભાજપની બાઈક રેલીએ કોરોના ગાઈડલાઈનના ધજાગરા ઉડાવ્યા હતા.

આમ, કલેક્ટરના કોરોના ગાઈડ લાઈનના જાહેરનામાંનો સરેઆમ ભંગ ભાજપની બાઈક રેલી માં થયો છે.

## સમાચાર રફ્તાર

- શેરબજારમાં જોરદાર કડાકો, સેન્સેક્સ ૧૦૮૯ પોઈન્ટ તુટ્યો.
- દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૬,૫૭૭ કેસ નોંધાયા.
- અમદાવાદ એરપોર્ટ પર ટેકનીકલ કારણોસર હવાઈ સેવા ખોરવાઈ, સાત ફ્લાઈટ કેન્સલ થઈ.
- ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી જાણીતા ક્રિકેટર યુસુફ પઠાણે નિવૃત્તિ જાહેર કરી.
- ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે આચારસંહિતા અંગે બફાટ કર્યો.
- રાજસ્થાનના મંત્રી પ્રતાપસિંહ ખાચરિયવાસે નરેન્દ્ર મોદીને રવિન્દ્રનાથ ટાગોર બની બંગાળની ચૂંટણી લડવાનો આરોપ મુક્યો.
- બ્રાઝિલે સ્વદેશી વેક્સિન નિર્માતા ભારત બાયોટેક સાથે કરાર કર્યો.
- હિમાચલ પ્રદેશ વિધાનસભાની બહાર રાજ્યપાલને રોકવાનો પ્રયાસ કરનાર આરોપી પાંચ ધારાસભ્યોને સસ્પેન્ડ કરાયા.
- નરેન્દ્ર મોદી સ્ટેડિયમના નામાભિધાન સામે ભાજપના ધારાસભ્ય સુબ્રમણ્યમ સ્વામીએ વાંધો ઉઠાવ્યો.
- રાજસ્થાનમાં કેરળથી આવતા યાત્રિકો માટે આરટીપીસીઆર નેગેટીવ રીપોર્ટ ફરજિયાત.
- ગૃહ મંત્રાલયે કોવિડ ગાઈડલાઈન ૩૧ માર્ચ સુધી લંબાવી.

# નવલપુર-કાબોદરા વચ્ચે ડી.જે.નું વાહન ઉંધું વળતાં અફરા તફરી

### ડી.જે.નાં તોતિંગ સ્પીકર-વાહન નીચે ઓપરેટરો દબાયા

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૬

હિંમતનગર તાલુકાના નવલપુર-કાબોદરા વચ્ચે રોડ ઉપર પૂરપાટ ઝડપે પસાર થતું ડી.જે.નું વાહન તોતિંગ સ્પીકર, સાઉન્ડ સીસ્ટમ સાથે રોડ ઉપર ઉંધુ વળતાં વાહન વ્યવહારથી ધમધમતા માર્ગ ઉપર અફરા તફરી મચી હતી. ઓવરટેક કરવાની લ્હાયમાં ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં સર્જાયેલા હાદસામાં ડી.જે.ના ઓપરેટરો સાઉન્ડ સીસ્ટમ અને વાહન નીચે દબાઈ જતાં અન્ય વાહન ચાલકો મદદે દોડી આવ્યા હતા. સાઉન્ડ સીસ્ટમના કર્મચારીઓને માથા તથા શરીરના ભાગે ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડાયા છે.



અનલૉક પછી લગ્નસરાની સીઝન શરૂ થતાં ડી.જે. સાઉન્ડવાળાઓને કમાણીનો તડાકો પડ્યો છે. એક કરતાં વધુ ઓર્ડર બુક હોવાથી સમય સાચવવાની લ્હાયમાં ડી.જે.નાં વાહનો બેફામ દોડતાં જોવા મળી રહ્યાં છે ત્યારે તા.૨૬ના રોજ હિંમતનગર તાલુકાના કાટવાડના સંચાલકો તેમનું ડી.જે. સાઉન્ડ સીસ્ટમ સાથેનું વાહન લઈને ઓર્ડરમાં નિકળ્યા હતા જે સમયે નવલપુર-કાબોદરા ગામ વચ્ચે ચાલકે ઓવર ટેક કરવાનો પ્રયાસ કર્યો હતો જેમાં પૂરઝડપે દોડતું ડી.જે.નું વાહન બેકાબુ બની જતાં રોડની સાઈડમાં ઉંધું વળી ગયું હતું. સાઉન્ડ સીસ્ટમ વચ્ચે ગોઠવાયેલા ઓપરેટરો અને ડ્રાઈવરની કેબિનમાં બેઠેલા અન્ય ડી.જે.ના કર્મચારીઓ કંઈપણ સમજે તે અગાઉ ડી.જે.નું વાહન ઠેકડા ભરી ગુલાંટ ખાઈ જતાં હોહા મચી હતી.

### ગરમી આ સપ્તાહમાં ૩૭ ડિગ્રીએ પહોંચવાની સંભાવના

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો હવે ધીમે ધીમે ઉંચકાયો છે. આગામી સપ્તાહમાં આ પારો ૩૭ ડિગ્રી સુધી પહોંચશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે તા. ૨૭ ફેબ્રુઆરીથી ૩ જી માર્ચ સુધીના પાંચ દિવસ દરમ્યાન આકાશ ચોખ્ખુ રહેશે. મહત્તમ તાપમાન ૩૬-૩૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૬ થી ૬૯ ટકા જેટલુ રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૧ થી ૧૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.

પવનની ગતિને કારણે ગરમી થોડીક ઓછી લાગતી જરૂર જણાશે પરંતુ ગરમીનો પ્રકોપ માર્ચની મધ્યમાં એકદમ આકરો બનશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં શિયાળુ પાક તૈયાર થઈ ગયો છે એટલે હવે તેની કાપણીના આયોજનમાં ખેડૂતો વ્યસ્ત બન્યા છે. જો કે આ વખતે શ્રમિકોની અછત અને મોંઘવારીનો મુદ્દો ખેડૂતોને સતાવી રહ્યો છે.

### આમંબલીયારા પોલીસે લીંબ ગામે જાન પર હુમલો કરનાર

# નવ અસામાજીક તત્ત્વો જેલના સળિયા પાછળ ધકેલી દીધા : માથે ફેંટો કેમ બાંધ્યો છે કહેવું પડ્યું ભારે

અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી અનુ.જાતિ સમાજના વરઘોડા પર હુમલાઓના બનાવો વધી રહ્યા છે બાયડ તાલુકાના લીંબ ગામે અનુ.જાતિ યુવતીના લગ્નમાં કપડવંજના તેલનાર ગામેથી આવેલી જાન ગામના ચોકમાં નાચગાનમાં મશગુલ હતી ત્યારે ગામના કેટલાક જાતીગત માનસીકતાથી પીડાતા અસામાજીક તત્ત્વોએ પથ્થરમારો કરતા ભારે નાસભાગ મચી હતી યુવતીના પરિવારજનો દોડી આવ્યા હતા અને અસામાજીક તત્ત્વોને સમજાવતા લાજવાને બદલે ગજાવા લાગ્યા હતા અને હવે થી તમારે લગ્નમાં માથે ફેંટો બાંધવો નહીં અને ડીજે કે બેન્ડ વગાડવા નહીં કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જાનૈયા પર હુમલો થતા તાબડતોડ આમંબલીયારા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી જીલ્લા પોલીસ કાફલો ખડકી દીધો હતો અને પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી યુવતીના લગ્ન રંગેચંગે કરી જાન પરત મોકલ્યા પછી યુવતિના ભાઈની ફરિયાદના આધારે ૯ શખ્સો સામે ગુન્હો નોંધી ગણતરીના



કલાકોમાં દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

આમંબલીયારા પોલીસે જાન પર હુમલો કરનાર ૯ શખ્સો સામે નામજોગ અને ટોળા સામે એટ્રોસીટી અને રાયોટીંગનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા આમંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ રૂપલ ડામોર અને તેમની ટીમે એટ્રોસીટી અને રાયોટિંગનાં ગુન્હાના આરોપીઓને ઝડપી પાડવા કોમ્બિંગ હાથધ હતું.

જાન પર હુમલો કરનાર હુમલાનો મુખ્ય આરોપી સંજયસિંહ બેચરસિંહ ચૌહાણ ફરાર થઇ ગયો હતો પોલીસ બાતમીના આધારે રોઝડ તરફથી આવતા રોડ પરથી દબોચી લીધો હતો તેમજ અન્ય શૈલેશસિંહ દેવુસિંહ ચૌહાણ,હિતેશ સિંહ બકુસિંહ ચૌહાણ,પ્રવિણસિંહ ધુળસિંહ ચૌહાણ,સંજયસિંહ ઝિંદુસિંહ ચૌહાણ,યુવરાજસિંહ પ્રતાપસિંહ ચૌહાણ,ઈંદ્રરાજસિંહ બહેચરસિંહ ચૌહાણ,વિજયસીંહ ભારતસિંહ ચૌહાણ,માનસિંહ અદેસિંહ ચૌહાણ નામના આરોપીઓને ગામમાંથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા પોલીસતંત્રની અસામાજીક ત્તત્વો સામે શખ્ત કાર્યવાહી કરતા લોકોમાં ભારે આવકાર મળ્યો હતો.

### દિયોદરના ફુલપુરા ગામે ચાર સંતાનની માતા પર નરાધમે દુષ્કર્મ આચર્યું

દિયોદર તાલુકા ના ફુલપુરા ગામે એક ચાર સંતાન ની માતા નો એકલતા નો લાભ લઈ ગામ ના ઈસમે મહિલા ની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરતા સમગ્ર પથક માં ચકચાર મચી જવા પામી છે જે મામલે મહિલા એ પોલીસ મથક ખાતે ફરિયાદ આપતા પોલીસે નરાધમ ઈસમ વિરુદ્ધ ગુન્હો નોંધ્યો છે.

# સાબરકાંઠા જિલ્લાના ડિફોલ્ટરો પાસેથી ૧૦.૩૮ કરોડની વસૂલાત કરાઈ

### જિલ્લા મેજિસ્ટ્રેટે ૩૫ કેસોમાં ડિફોલ્ટરઓ પાસેથી રૂ. ૧૦,૩૮,૫૯,૬૮૨ની રકમની વસૂલાત કરવા મિલ્કતનો કબજો લેવાનો હુકમ કર્યો

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા જિલ્?લામાં ધંધા-વેપાર અર્થે રાષ્ટ્રીયકૃત બેક્રો તેમજ ભારત સરકાર દ્વારા માન્યતા આપવામાં આવેલી ફાયન્સસો દ્વારા લોન આપવામાં આવે છે. પરંતુ આપવામાં આવેલી લોન અન્ય હેતુસર ઉપયોગ કરવામાં આવે છે જેને લઈ સમય મર્યાદામાં લોન ભરપાઈ કરવામાં આવતી નથી અને તેમના એકાઉન્ટ એન.પી.એ થતા હોઈ બેંકો/ફાયનાન્સો દ્વારા સરફેસી એકટની કલમ- ૧૪ હેઠળ મોર્ગેજમાં મૂકવામાં આવેલ મિલ્કતનો કબજો મેળવવા જિલ્લા કલેકટર સમક્ષ કેસ દાખલ કરવામાં આવે છે.

જેમાં છેલ્લા એક માસ દરમિયાન જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ રાજેન્દ્રકુમાર પટેલે ડિફોલ્ટરો પાસેથી રકમ વસૂલ કરવાનો આદેશ કર્યો હતો જેમાં ૩૫ કેસોમાં ડિફોલ્ટર ઠરેલાઓ પાસેથી રૂ. ૧૦,૩૮,૫૯, ૬૮૨ની રકમની વસૂલાત કરવા મિલ્કતનો કબજો લેવાનો હુકમ કર્યો છે.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૪૬૦ કેસ નોંધાયા

### રાજ્યમાં ૨૪ કલાકમાં એક પણ વ્યક્તિનું મોત નહી : અત્યાર સુધીમાં કુલ ૨૬૨૪૮૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૦૧ કેસ

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા હતા. અને ચૂંટણી ટાણે તો જાણે એમ લાગ્યું કે કોરોનાએ રાજ્યમાંથી વિદાય લઈ લીધી છે. જે પ્રકારના આંકડાઓ આવી રહ્યા હતા તેને જોઈને લાગતું હતું કે સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સાથે સાથે કોરોના સામે પણ વિજય પ્રાપ્ત કરી લીધો છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો હતો. કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવવા લાગ્યો હતો. જો કે જેવી ચૂંટણી પુરી થઈ તેમ તરત જ કોરોના પરથી પણ જાણે આચાર સંહિતા હટી હોય તેમ કોરોના બેકાબુ બની ગયો છે. બે જ દિવસની અંદર કોરોનાના આંકડા બમણા થઈ ચુક્યા છે. આજે રાજ્યમાં નવા ૪૬૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૩૧૫ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૬૨,૪૮૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. આજે ૮,૨૦,૭૦૦ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧,૬૫,૫૩૮ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૫૭ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૨૧૩૬ દર્દીઓ એક્ટિવ કેસ છે. જે પૈકી ૩૮ વેન્ટિલેટર પર છે. ૨૦૯૮ નાગરિકો સ્ટેબલ છે. ૨,૬૨,૪૮૭ ને ડીસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ૪૪૦૮ લોકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. આજે કોરોનાને કારણે કોઈ પણ વ્યક્તિનું મોત નિપજ્યું નથી.

### પ્રાંતિજના ધડી ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ધડી ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વર્ષ નો પાંચ મો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં ધડીગામ સહિત આજુબાજુમાં રહેતાં દર્દીઓએ લાભ લીધો હતો.

પ્રાંતિજ તાલુકાના ધડી ખાતે આવેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વર્ષ નો પાંચ મો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં ધડી ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગોમામાથી કુલ-૨૦૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૬૦ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે ૫૮ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધી ની સગવડ પણ પુરી પાડવામાં આવશે તો સમગ્ર કેમ્પ નું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાં ૨૫૦૦ જવાનો ચૂંટણી બંદોબસ્ત સંભાળશે

### પાંચ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૫૩ પીએસઆઈ સહીત હોમગાર્ડ અને પોલીસ જવાનો ફરજ બજાવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આવતીકાલે જિલ્લા પંચાયત, કલોલ, માણસા, દહેગામ તાલુકા પંચાયત અને દહેગામ કલોલ નગરપાલિકાની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે જિલ્લામાં શાંત અને નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ દ્વારા કવાયત શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાં આ ચૂંટણી માટે અહીં હજારથી વધુ પોલીસ જવાનો અને ૧૩૦૦ જેટલા હોમગાર્ડ જવાનો ફરજ બજાવશે. તો સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી ચાંપતો બંદોબસ્ત રાખવામાં આવશે. પોલીસ દ્વારા મોબાઈલ પેટ્રોલીંગ તેમજ સ્ટ્રાઈકીંગ ફોર્સ પણ એલર્ટ રાખવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં હાલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. તા. ૨૮મી ફેબ્રુઆરીએ જિલ્લા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતદાન પ્રક્રિયા હાથ ધરાવાની છે. જ્યારે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે કવાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૯૬૬ જેટલા મતદાન મથકોમાં ૧૩૮ બુથ અતિસંવેદનશીલ જાહેર કરાયા છે.

જ્યારે ૧૧૫ બિલ્ડીંગમાં ૨૪૭ મતદાન બુથ સંવેદનશીલ જાહેર થયા છે. પોલીસ દ્વારા શાંતીપૂર્ણ ચૂંટણી યોજાય તે માટે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે. જિલ્લામાં ૯૬૬ મતદાન મથકો માટે ૯૧૦ પોલીસ જવાનો અને ૧૩૬૮ જેટલા હોમગાર્ડ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. આમ પોલીસ દ્વારા ચૂંટણીના આ માહોલમાં કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે મોબાઈલ પેટ્રોલીંગ ટીમ પણ બનાવવામાં આવી છે.

જે ગમે ત્યારે કોઈપણ સ્થળે પહોંચીને પરિસ્થિતિ ઉપર કાબુ મેળવી શકશે. ચૂંટણીના દિવસે ૧૦ પોલીસ ઈન્સ્પેકટર, ૫૩ પીએસઆઈ ઉપરાંત ૯૧૦ પોલીસ જવાનો, ૧૩૬૮ હોમગાર્ડના જવાનોને પણ ફરજ સોંપવામાં આવશે. સાથે જિલ્લામાં ચૂંટણીના આગળના દિવસે અસામાજિક તત્વોને પકડવા માટે પણ ખાસ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

### જેલમાં તૈયારીઓ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો ત્યાં સુધી તેને આ જ જેલમાં રાખવામાં આવ્યો હતો. નિરવ મોદી અને તેની જેમ જ બેંકોને નવડાવીને બ્રિટન ભાગી જનારા વિજય માલ્યાને ભારત લાવવા માટે આ સેલમાં ખાસ ફેરફાર કરવામાં આવ્યા છે. ત્રણ સેલમાંથી એક સેલ હાલ સ્ટોર રુમ તરીકે ઉપયોગમાં લેવાઈ રહ્યો છે, જ્યારે બેને નિરવ મોદી અને વિજય માલ્યા માટે ખાલી રખાયા છે.

### શેરબજાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

૪૯,૯૫૦.૭૫એ પહોંચ્યો હતો. એને પગલે બીએસઈની માર્કેટ કેપ લગભગ ૩ લાખ કરોડ ઘટી છે.

અમેરિકન બજારોમાં ભારે વેચવાલી ચાલતા વિશ્વભરના શેર બજારોમાં કડાકો પડ્યો છે. તેમજ અમેરિકામાં બોન્ડ યીલ્ડની વૃધ્ધિ અને ટેક્નોલોજી શેરમાં વેચવાલી દેખાતા પ્રમુખ ઈન્ડેક્સ કડાકા સાથે બંધ થઈ ગયો છે. તેથી ભારતીય શેરબજારમાં કડાકો પડ્યો છે.

### ડિટોનેટર જપ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંદિગ્ધ વાહનની જાણકારી મળતા જ બોમ્બ સ્ક્વોડ અને સુરક્ષાકર્મી ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ગાડીની તપાસ કરી હતી. તપાસ દરમિયાન વાહનમાં જિલેટિનના છરા મળ્યા હતા. તેમણે જણાવ્યું કે વિસ્ફોટક વાહનમાં રાખેલા હતા. ઘટનાસ્થળ પર ડોગ સ્ક્વોડને મોકલવામાં આવ્યા હતા. મુંબઈની ક્રાઈમ બ્રાન્ચ ઘટનાની તપાસ કરી રહી છે. રિપોર્ટ પ્રમાણે એટીએસની ટીમ પણ પહોંચી ગઈ હતી. એટીએસ આતંકી એંગલ પર તપાસ કરી રહી છે.

### બીજી લહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાતું નથી. પરંતુ શક્યતા છે કે અન્ય દેશોની સરખામણીએ ભારતમાં તેની તીવ્રતા ઓછી હોઈ શકે છે, કેમકે ભારતમાં યુવાનોની સંખ્યા વધુ છે.

નિમ્હાન્સના ડિપાર્ડમેન્ટ ઓફ ન્યુરોવાયરોલોજીના પૂર્વ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ અને કર્ણાટક કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય ડો. વી રવિએ કહ્યું કે, ભારત બીજી લહેરથી બચી નહીં શકે. તેમણે કહ્યું કે, મોટાભાગના લોકો એવું માની રહ્યા છીએ કે આપણે બધાથી અલગ છીએ, પરંતુ વાયરસ એક દિવસ તો દરેકને ઝપેટમાં લેશે જ.

### વ્યવસ્થા નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાઈટેક બનાવાની સાથે ગ્રામ પંચાયતોને ટેકનોલોજીથી સજ્જ કરવાની યોજનાઓ અમલી બનાવવા માટે આયોજનો થાય છે. પરંતુ પાટનગરમાં સરકારની આંખ સામે કાર્યરત વિવિધ કચેરીઓને ટેકનોલોજીનો ઉપયોગ કરવાના મામલે દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. ત્યારે બદલાતા સમય સાથે કોરોનાના કપરા કાળમાં હાલ શિક્ષણ જેવી મહત્વની પ્રક્રીયા પણ ઓનલાઈ ચાલે છે. ત્યારે બેંકો સાથેના મોટા આર્થિક વ્યવહારો પણ આંગળીના ટેરવે છે. પરંતુ પાણી ગટર વેરો ચુકવવા માટે જુની અને જાણીતી સિસ્ટમ જ ફોલો કરવી પડે છે. કોરોનાના કપરા કાળમાં પાણી વેરો ભરવા તો રૂબરૂ જવુ પડે છે. આગામી દિવસોમાં કોર્પોરેશનના વેરા સાથે આ બીલનુ ચુકવણુ કરવા માટે પણ આયોજન થઈ રહ્યુ છે. પરંતુ ડિઝીટલ ઈન્ડિયાની વાતો હાલ વચ્ચે પાટનગરમાં પાણી ગટર વેરો ઓનલાઈન ચુકવવા માટેની કોઈ વ્યવસ્થા હજુ સુધી થઈ નથી તે નગરજનો માટે આશ્ચર્યનો વિષય છે.

### પડઘમ શાંત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદાન કરશે તેને લઈ મૌન સેવવાનું અને અપીલ સામે સ્મિત રેલાવી આનંદ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

જિલ્લામાં ભાજપ દ્વારા જાહેર પ્રચારમાં માણસા, કલોલ અને ગાંધીનગરમાં વધુ ભાર મુકવામાં આવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ દ્વારા છેલ્લા બે દિવસમાં ૨૦ થી વધુ સ્થાનો પર સભાઓ યોજાઈ હતી.

જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે. ૧૮ બેઠકો પર સીધો જંગ હોવાથી બન્ને પક્ષો દ્વારા મતદારોને રિઝવવા માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકાઈ હતી.

હવે પક્ષો દ્વારા મતદાન વધુમાં વધુ થાય તેમજ તેમની તરફેણમાં થાય તે માટે છેલ્લી ઘડીના પ્રયાસો હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. જિલ્લામાં પ્રચાર અભિયાન દરમ્યાન બન્ને પક્ષો આક્ષેપબાજીથી દૂર રહ્યા છે. બન્ને પક્ષોએ વિકાસની વાતો કરી છે એટલુ જ નહિ પ્રજાના જે પ્રશ્નો છે તેની જ વાતો કરી છે.

મોંઘવારી તેમજ પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવ-વધારા ઉપરાંત ખેડૂત આંદોલન જેવા મુદ્દાઓ ગૃપ બેઠકોમાં સતત ચમકતા જોવા મળ્યા હતા.

બીજી તરફ તંત્ર દ્વારા પણ તેની તૈયારીઓ પૂરી કરવામાં આવી છે. આજે શનિવારે બપોરના ૧૨ વાગ્યાથી પોલિંગ પાર્ટીઓ તેમના બુથો પર રવાના થઈ જશે અને સાંજના પાંચ સુધીમાં જે તે મથકે પહોંચી જશે.

તંત્ર દ્વારા આ અંગેની સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ છે.

### ૨૬ બસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વિશેષ ઉપયોગ થાય છે. ત્યારે કોરોના કાળમાં લાંબા સમયના અંતે એસ ટી ના પૈડા પાટે ચઢયા છે. ત્યારે ધીમે ધીંમે એસ ટી બસમાં મુસાફરોનો ટ્રાફિક પણ જોવા મળી રહ્યો છે. આગામી રવિવારની ચુંટણીને અનુલક્ષીને પણ ગાંધીનગર ડેપોમાંથી ૨૬ બસો ફાળવવામાં આવી છે. જેથી શનિ રવિવારના દિવસોમાં એસ ટી ની બસ સેવા પણ પ્રભાવિત રહેશે. રજાના દિવસો હોવાથી રૂટીન અપડાઉન કર્તાઓને હાલાકી નહી પડે પરંતુ અન્ય રૂટમાં કામકાજ અર્થે જતા મુસાફરોની બસ સેવામાં કાપ મુકાશે. ગાંધીનગર ડેપોની ૨૬ એસ ટી બસને ચુંટણી કામગીરી માટે ફાળવવામાં આવતા શહેરી બસ સેવાના રૂટો પણ પ્રભાવિત થશે.

### લોનના હપ્તા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેપારીઓ જણાંવે છે કે તમારે અહીં ધંધો નહી કરવાનો અમારો વેપાર બગડે છે. કોરોનાના કપરા કાળમાં આમ પણ બે ટાઈમનુ ભોજન મેળવવાનુ પણ અઘરુ બન્યુ છે ત્યારે માંડ ગુજરાન ચલાવતા આ વેપારીઓ સરકારી યોજનાના લોનના સહારે વેપાર કરી રહ્યા છે ત્યારે તેમને હેરાનગતિ ન કરવા માટે પણ આજીજી કરી રહ્યા છે.જયારે દબાણતંત્રના માણસો પણ અમારો માલ લઈ જાય છે. આવા સંજોગોમાં આ નાના વેપારીઓએ લારી ગલ્લા એસોશિએસન તેમજ દબાણતંત્રને પણ તેમને હેરાનગતિ ન કરવા અને શાંતિથી વેપાર કરવાની છુટ મળે તે માટે રજુઆત કરી છે.